# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-08-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day: MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

**************************************************

1) કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે શક્તિની સપ્તધારાને કૃષિ અને ગ્રામીણ ભારત માટે મહત્વની દિશા ગણાવી

2) કેન્દ્ર સરકારે વીજાણુ ઘટકો ઉત્પાદન યોજના હેઠળ સાત હજાર 877 કરોડ રૂપિયાના રોકાણ સાથે વધુ 31 અરજીઓને મંજૂરી આપી

3) દેશમાં મોટા આતંકી માળખાનો પર્દાફાશ- વિવિધ રાજ્યોમાંથી 250થી વધુ લોકોની અટકાયત

4) ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને પક્ષના રાષ્ટ્રીય પદાધિકારીઓની નવી ટીમની જાહેરાત કરી

5) ઓમાન સાથે હોર્મુઝ સામુદ્રધુની દ્વારા જહાજોના પરિવહનનું સંચાલન કરવાની યોજના પર ઈરાન સહમત

6) ભારતીય શટલર પી.વી. સિંધુ બેડમિન્ટનની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મહિલા સિંગલ્સ ઇવેન્ટના બીજા રાઉન્ડમાં પહોંચ્યા

************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# SHIVRAJ- SAPT DHARA

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે સ્વતંત્રતા દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દર્શાવેલ શક્તિની સપ્ત ધારા કૃષિ અને ગ્રામીણ ભારત માટે એક મહત્વપૂર્ણ દિશા પ્રદાન કરે છે. તેમણે કહ્યું કે સરકાર આ દ્રષ્ટિકોણને લોક-કેન્દ્રિત કાર્યક્રમો, પારદર્શક દેખરેખ અને અસરકારક અમલીકરણ દ્વારા કાર્યમાં તબદીલ કરવા માટે કામ કરશે.

શ્રી મોદીએ પોતાના સંબોધનમાં શક્તિની સપ્ત ધારાની રૂપરેખા આપી હતી , જેમાં કૃષિ અને ખાદ્ય ઉત્પાદનને મજબૂત બનાવવા, ખાદ્ય પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક બજારોમાં પહોંચ વધારવાનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ વૈશ્વિક કટોકટી અને અનિશ્ચિતતાઓ વચ્ચે ખેડૂતોને સબસિડીવાળા ભાવે ખાતરો પૂરા પાડવાની સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.

# MEITY- APOROVALS

સરકારે વીજાણું ઘટક ઉત્પાદન યોજના (ECMS) હેઠળ સાત હજાર 877 કરોડ રૂપિયાના રોકાણ સાથે વધુ 31 અરજીઓને મંજૂરી આપી છે. આ મંજૂરીઓથી નવ હજાર 500 થી વધુ રોજગારીની તકો ઉભી થવાની સંભાવના છે. આ અરજીઓ દસ રાજ્યોમાંથી આવી છે જેમાં તમિલનાડુના સાત અને મહારાષ્ટ્ર અને હરિયાણાના છ-છ રાજ્યોનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં અરજદારોને મંજૂરીઓ સોંપી. આ અરજીઓ એસિટિલિન બ્લેક, સ્પીકર્સ અને માઇક્રોફોન , કેપેસિટર્સ અને કોઇલ સહિતના ઉત્પાદનો સાથે સંબંધિત છે.

શ્રી વૈષ્ણવે માહિતી આપી હતી કે સરકારે 59 હજાર કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો જેને પાર કરીને હવે 69 હજાર કરોડ રૂપિયા પર પહોંચ્યો છે.

# JITENDRA - ANUBHAV AWARD

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે નવી દિલ્હીમાં 15 પુરસ્કાર વિજેતાઓને રાષ્ટ્રીય અનુભવ પુરસ્કારો , 2026 એનાયત કર્યા. આ પુરસ્કાર વિજેતાઓએ પાસપોર્ટ સેવા કેન્દ્ર , જૂના નિયમો રદ કરવા અને નવા નિયમોનું નિર્માણ , વહીવટ અને એકાઉન્ટિંગમાં તકનીકી અનુકૂલન જેવા વિવિધ સરકારી પ્રોજેક્ટ્સનો ભાગ રહ્યા છે.

અનુભવ પ્લેટફોર્મ કેન્દ્ર સરકારના કર્મચારીઓ , 12 જાહેર ક્ષેત્રની બેંકો અને કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસોના નિવૃત્ત કર્મચારીઓને સરકારમાં કામ કરવાના તેમના અનુભવો રજૂ કરવા માટે એક મંચ પૂરો પાડે છે. આ પ્રસંગે , ડૉ. સિંહે જણાવ્યું હતું કે, સરકારે બદલાતી વહીવટી અને સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પેન્શન પ્રક્રિયાઓને સરળ બનાવવાનું ચાલુ રાખ્યું છે.

## (BYTE - JITENDRA SINGH)

***"भारत सरकार में सेवानिवृत्त या पेंशनर्स की संख्या जो काम करने वाले कर्मचारी हैं working employees उससे कहीं अधिक है। Retirement happening at the age of 60 when the lifespan has gone almost up to 70, so most of these retiring colleagues are in the prime of their health और इसलिए उनको इस तरह से छुट्टी पर न जाने दिया जाए , उनकी सेवाएं, उनका योगदान किसी ना किसी तरह से राष्ट्र निर्माण के कार्य आए और किस प्रकार आ सकता है, यह उनके साथ चर्चा करने का माध्यम बने।"***

# VP-TAMIL NADU

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને ભાર મૂક્યો હતો કે , કૃત્રિમ બુદ્ધિમત્તા અને ઝડપથી વિકસતી ટેકનોલોજીના યુગમાં , સ્નાતક શિક્ષણનો અંત નથી પરંતુ સતત અનુકૂલન સાથે શીખતા રહેવાની શરૂઆત છે. તેઓ આજે તમિલનાડુના તિરુવરુરમાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ તમિલનાડુ ( CUTN) ના 11મા દીક્ષાંત સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિએ 2014 થી ભારતના શૈક્ષણિક માળખાના અભૂતપૂર્વ વિસ્તરણનો પણ ઉલ્લેખ કર્યો, અને દેશભરમાં 16 IIIT, 8 કેન્દ્રીય યુનિવર્સિટીઓ, 8 IIM અને 12 નવી AIIMSની સ્થાપના પર પ્રકાશ પાડ્યો. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 પર ચર્ચા કરતા, તેમણે જણાવ્યું કે શિક્ષણ હવે સ્વતંત્ર રીતે વિચારવાની અને સામૂહિક કામ કરવાની ક્ષમતા દ્વારા માપવામાં આવે છે.

# DEFENCE - SEA GUARDIAN

સંરક્ષણ મંત્રાલયે આજે નવી દિલ્હીમાં જનરલ એટોમિક્સ એરોનોટિકલ સિસ્ટમ્સ, ઇન્ક. સાથે ભારતીય નૌકાદળ માટે અત્યાધિક ઊંચાઈએ લાંબા સમય સુધી સતત ઉડનાર અને ગુપ્ત માહિતી તથા દેખરેખ કરનાર બે MQ-9B સી ગાર્ડિયન વિમાન 30 મહિના માટે ભાડે લેવાના કરાર પર હસ્તાક્ષર કર્યા. મંત્રાલયે જણાવ્યું હતું કે આ કરારનું મૂલ્ય આશરે એક હજાર 943 કરોડ રૂપિયા છે. સી ગાર્ડિયન્સ અત્યાધુનિક સેન્સર્સ અને અત્યાધુનિક પેલોડ્સથી સજ્જ છે જે દરિયાઇ ક્ષેત્રના વિશાળ વિસ્તારોમાં સતત ગુપ્ત માહિતી, દેખરેખ સુનિશ્ચિત કરશે.

# PUNJAB-TERROR NETWORK-BUST

સ્વતંત્રતા દિવસ પહેલા ISI સમર્થિત શહઝાદ ભટ્ટી નેટવર્કસામે એક મોટી બહુ-રાજ્ય કાર્યવાહીમાં, સુરક્ષા એજન્સીઓએ 12 ઓગસ્ટે પંજાબ સહિત 14 રાજ્યોમાંથી 253 લોકોની અટકાયત કરીને તેના આતંકવાદી માળખાનો પર્દાફાશ કર્યો. સુરક્ષા એજન્સીઓએ દેશમાં વિધ્વંસક હુમલાઓની તેની યોજનાઓને નિષ્ફળ બનાવવા માટે રાજ્ય પોલીસ દળો સાથે રીઅલ-ટાઇમ ઇન્ટેલિજન્સ-શેરિંગ સિસ્ટમનો ઉપયોગ કર્યો. આ કામગીરી સરહદપાર આતંકવાદ પ્રત્યે કેન્દ્રની 'શૂન્ય સહિષ્ણુતા' નીતિનો ભાગ હતી.

સુરક્ષા એજન્સીઓએ પંજાબમાં 44 , હરિયાણામાં 52 અને હિમાચલ અને જમ્મુ અને કાશ્મીરમાં દરેક 2 વ્યક્તિઓની અટકાયત કરી છે , ઉપરાંત દિલ્હીમાં 51 અને ઉત્તર પ્રદેશમાં સૌથી મોટા 62 લોકોની અટકાયત કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# BJP - OFFICE BEARERS

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને આજે પક્ષના રાષ્ટ્રીય પદાધિકારીઓની નવી ટીમની જાહેરાત કરી છે. શ્રી નવીને વસુંધરા રાજે સિંધિયા , તીરથ સિંહ રાવત , રામ માધવ, બૈજયંત જય પાંડા , સરદાર મનપ્રીત સિંહ બાદલ અને રેખા વર્મા સહિત 13 રાષ્ટ્રીય ઉપાધ્યક્ષોની નિમણૂક કરી છે. સાંભળીએ એક અહેવાલ..**

## (V/C : NIKHIL---BJP-WORKING-COMM)

*"केंद्रीय मंत्री और भाजपा नेता पीयूष गोयल को पार्टी का राष्ट्रीय कोषाध्यक्ष नियुक्त किया गया है। श्री बीएल संतोष को संगठनात्मक राष्ट्रीय महासचिव बनाया गया है। श्री नवीन ने विनोद तावड़ेसुनील बंसल, स्मृति ईरानी और बिप्लब कुमार देव सहित आठ पार्टी नेताओं को राष्ट्रीय महासचिव भी नियुक्त किया है। पार्टी ने अपने विभिन्न मोर्चों के नए प्रमुखों के नाम भी घोषित कर दिए हैंजिनमें डॉ. हेमांग जोशी युवा मोर्चा अध्यक्ष रूप कुमार चौधरी महिला मोर्चा अध्यक्ष और बंसीलाल गुर्जर किसान मोर्चा के अध्यक्ष हैं। दीपेंद्र की रिपोर्ट के साथ, समाचार कक्ष से निखिल कुमार।"*

# TELANGANA-EC-DRAFT LIST

તેલંગાણામાં આજે મુસદ્દા મતદાર યાદી પ્રકાશિત કરવામાં આવી છે. આજે હૈદરાબાદમાં ચૂંટણી પંચના કાર્યાલયમાં મીડિયાને સંબોધતા , મુખ્ય ચૂંટણી અધિકારી સુદર્શન રેડ્ડીએ માહિતી આપી હતી કે મતદારો પાસેથી 78.30 ટકા ગણતરી ફોર્મ એકત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે 15-10-2026 પહેલાં ઇલેક્ટ્રોલિંક યાદીમાં નોંધાયેલા લગભગ 92 લાખ અરજદારોને વધુ માહિતી સબમિટ કરવા/સ્પષ્ટ કરવા માટે નોટિસ આપવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે 19-ઑક્ટોબરના રોજ અંતિમ મતદાર યાદી બહાર પાડવામાં આવશે. રાજ્યના તમામ 119 વિધાનસભા મતવિસ્તારોના ચૂંટણી અધિકારી ઉપરાંત 892 મદદનીશ ચૂંટણી અધિકારી સાથે , પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવા માટે વધારાના એક હજાર વ્યક્તિઓને ફરજ પર લેવાશે.

# WEST ASIA UPDATE

ઈરાને આજે જણાવ્યું હતું કે , તે ઓમાન સાથે હોર્મુઝ સામુદ્રધુની દ્વારા જહાજોના પરિવહનનું સંચાલન કરવાની યોજના પર સહમત થયું છે અને બંને પક્ષો હવે સંયુક્ત નિવેદન માટે વિગતોને અંતિમ સ્વરૂપ આપવા માટે કામ કરી રહ્યા છે. તેહરાનમાં પત્રકારો સાથે વાત કરતા , ઈરાનના વિદેશ બાબતોના પ્રવક્તા ઇસ્માઇલ બગાઈએ જણાવ્યું હતું કે, પરિવહન માર્ગના નકશા અંગે સમજૂતી થઈ છે.

વાણિજ્યિક શિપિંગ માટે જળમાર્ગને સંપૂર્ણપણે ફરીથી ખોલવો એ અમેરિકાની મુખ્ય માગ રહી છે , પરંતુ તે સ્પષ્ટ નથી કે આ સોદો વોશિંગ્ટનના માપદંડોને પૂર્ણ કરશે કે નહીં. 28 ફેબ્રુઆરીના રોજ ઇઝરાયલ અને અમેરિકાએ દેશ પર હુમલો કર્યા પછી, ઇરાને આ સામુદ્રધુની બંધ કરી દીધી હતી.

# INDIA POST - QATAR

કતારથી ભારતમાં ભંડોળ મોકલવા માટે UPI-સંચાલિત પોસ્ટ-ટ્રાન્સફર સેવા શરૂ કરવામાં આવી છે. આ સેવા દ્વારા હવે કતારમાં રહેતા ભારતના લોકો કતાર પોસ્ટ આઉટલેટ્સ દ્વારા ભારતમાં UPI-સક્ષમ બેંક ખાતાઓમાં સીધા ભંડોળ મોકલી શકશે. સંચાર મંત્રાલયે જણાવ્યું હતું કે આ સેવા ક્રોસ-બોર્ડર રેમિટન્સ માટે ઝડપી , સુરક્ષિત, અનુકૂળ અને સુલભ ચેનલ પ્રદાન કરે છે.

આ સેવાથી કતારમાં રહેતા મોટા ભારતીય સમુદાય અને ભારતમાં રહેતા તેમના પરિવારોને લાભ મળશે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ સેવા કતાર પોસ્ટ , ઇન્ડિયા પોસ્ટ, યુનિવર્સલ પોસ્ટલ યુનિયનના ઇન્ટરકનેક્શન પ્લેટફોર્મ (UPU-IP) અને NPCI ઇન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ ( NIPL) ના સહયોગથી વિકસાવવામાં આવી છે.

# SC - CAUVERY WATER CONFLICT

સર્વોચ્ચ અદાલતે આજે કર્ણાટકને કાવેરીનું પાણી તમિલનાડુમાં છોડવા અંગે કાવેરી પાણી વ્યવસ્થાપન સત્તામંડળ- CWMA ના નિર્દેશોનું પાલન કરવા નિર્દેશ આપ્યો. અદાલતે સત્તામંડળ પાસેથી સ્થિતિ અહેવાલ પણ માગ્યો. ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે તમિલનાડ સરકારની અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં કર્ણાટકને પડોશી રાજ્યને પાણી છોડવા માટે CWMA ના નિર્દેશના અમલીકરણની માગ કરવામાં આવી હતી.

ખંડપીઠે કર્ણાટકને 12 હજાર ક્યુસેક પાણી છોડવાના નિર્દેશના પાલન અંગેના તેના વલણ પર સવાલ ઉઠાવ્યા હતા. અદાલતે તમિલનાડુની અરજી 24 ઓગસ્ટના રોજ વધુ સુનાવણી માટે મુલતવી રાખી છે.

# FUR. REV. BWF BADMINTON - EVE MATCHES

નવી દિલ્હીમાં ચાલી રહેલ બેડમિન્ટનની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતીય શટલર પી.વી. સિંધુ આયર્લેન્ડની ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન સોફિયા નોબલ ને હરાવી મહિલા સિંગલ્સ ઇવેન્ટના બીજા રાઉન્ડમાં પહોંચ્યા.

આ દરમિયાન, મહિલા ડબલ્સમાં, ભારતીય જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ સ્પેનની જોડીને હરાવીને બીજા રાઉન્ડમાં આગળ વધ્યાં છે.

આ પહેલા, પુરુષોની જોડી એમ.આર. અર્જુન અને હરિહરન અમસા કારુનન પુરુષોની ડબલ્સ કેટેગરીના બીજા રાઉન્ડમાં તેમની સામેની આયર્લેન્ડની જોડી રિટાયર્ડ હર્ટ થતાં જીત સાથે આગળ વધી હતી.